જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૮/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૪૪ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૪૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૬/૧૬**

**વટવાઃ** ગીરીશભાઈ કાંતીભાઈ મહેરામણ (રહે. ગામ પાદરા તા.-તારાપુર જીલ્લો આણંદ) એ તા.૪/૮/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વટવા ગામ ગણેશ મંદિર સામે કેનાલ રોડ અમીઝરા બાળગૃહ ખાતેથી (૧) દેવેન્દ્ર રમેશભાઈ પરમાર (ઉ.વ.૧૭) (૨) શશીકાંત ધર્મેન્દ્રનાથ ઉપાધ્યાય (ઉ.વ.૧૨) અને (૩) મહમદ હુસેન સમીર અંસારી (ઉ.વ.૧૪) તા.૧૭/૭/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે દિવાલ કુદી નાસી ગયા છે અથવા તો અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.

**ઓઢવઃ** મનિષાબહેન દશરથભાઈ પટણી (ઉ.વ.૧૭) (રહે.મનુ સાહેબના કુવાની ચાલી સી.એમ.સી. પાસે ઓઢવ) ને તા.૬/૭/૧૬ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી યોગેશ ઉર્ફે કાલુ સુરેશભાઈ પટણી (રહે.ભવરસિહની ચાલી ઓઢવ) કઝ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ મનિષાબહેનની માતા હીરાબહેન પટણીએ તા.૪/૮/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.

**વેજલપુરઃ (૧)** અનીલભાઈ રામલાલ યાદવ (રહે.રમેશભાઈની ચાલી રંગોલી સોસાયટી નારાયણનગર ચંદ્રનગર વાસણા) એ તા.૪/૮/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૭/૧૬ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અનિલભાઈની બહેન મીનાબહેન (ઉ.વ.૧૪)ને આરોપી રાકેશ યાદવ (રહે. ગામ સાગવાડા તાલુકો કેસરીયાજી જીલ્લો ઉદેપુર રાજસ્થાન) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.વી પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) સુનિતાબહેન શૈલેશભાઈ ઠક્કર (રહે.યોગેશ્વરનગર ગુપ્તાનગર વાસણા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૮/૧૬ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી સ્કૂલ સુધીના રસ્તામાંથી સુનિતાબહેનની પુત્રી ઉર્વશી (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર કે ઝાલા ચલાવે છે.

<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૨૭/૧૬</u>

**નવરંગપુરાઃ મહેશકુમાર બબલદાસ પટેલ (ઉ.વ.૫૨) (રહે.હરી ઓમ એપાર્ટમેન્ટ નવા વાડજ)** એ તા.૪/૮/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૭/૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા નહેરૂબ્રીજ સામે નોબલ કોમ્પલેક્ષમાં આવેલ નેક્ષેસ રીયલ કોમ લીમીટેડ નામની ઓફીસ ખાતે લોભામણી જાહેરાત બતાવી આરોપી (૧) વિનોદભાઈ એસ શાહ (રહે. અભિલાશા એપાર્ટમેન્ટ વ્યાસવાડી નવા વાડજ) અને બીજા પાંચ વ્યક્તિઓએ ભેગા મળી રીકરીંગ તથા બચત યોજનાની સ્કીમમાં રૂપિયા ૧૩,૫૦,૦૦૦/- રોકાણ કરાવી રોકાણના કમિશનની રકમ નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી કે ગોસ્વામી ચલાવે છે

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૪૨૮/૧૬**

**ગોમતીપુરઃ ભરતભાઇ પરષોત્તમભાઈ ડાભી (રહે.સ્વસ્તિક બંગલોઝ સત્યમ ફ્લેટની સામે રાયપુર મીલ કંપાઉન્ડ ગોમતીપુર)** એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૮/૧૬ રાતના ૧૦/૩૦ થી તા.૪/૮/૧૬ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોદી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અને **રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મતાની ચોરી** કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી ડી મોરી ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>**સમાચાર યાદી નં.૧૪૨૯/૧૬**</u>

શાહીબાગઃ મનોજ જીવણલાલ પંચોલી (રહે. પ્રીતમપુરા સોસાયટી વિભાગ-૧ ગીરધરનગર શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૮/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન રહેણાંકની બાજુમાં પોતાની એલ.આઈ.સી.ની ખુલ્લી ઓફીસના ડ્રોઅરમાંથી અજાણી વ્યક્તિ ૧૫ ચેક અને રોકડ રૂપિયા ૮૦,૭૯૫/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે એલ ચૌહાણ ચલાવે છે.

<u>અકસ્માત મોતઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૩૦/૧૬</u>

**સોલા હાઈકોર્ટઃ સોલા સાયન્સ સીટી રોડ ઉપર નવી બનતી ફલક સીટાડેલ નામની સાઈટ ઉપર બિલ્ડર કૌશિકસિહ બિપીનચન્દ્ર રાજપુત (રહે.શિવાલય-૨ જોધપુર ગામ સેટેલાઈટ) અને એન્જીનિયર મહેશભાઈ મંગળદાસ પ્રભાકર (રહે.પ્રકાશદીપ એપાર્ટમેન્ટ વ્યાસવાડી નવા વાડજ) એ બાંધકામ દરમ્યાન રાખવા પડતા સેફ્ટીના સાધનો પુરા નહી પાડતા બેદરકારીના કારણે તા.૧૨/૬/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાઈટના સાતમા માળેથી કાનજીભાઈ આહીરના માથા ઉપર ઈંટ પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તા.૧૪/૬/૧૫ નારોજ સાંજના ૭/૧૫ વાગે કાનજીભાઈનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે તા.૪/૮/૧૬ નારોજ સોલા પોલીસે બિલ્ડર તેમજ એન્જીનિયર વિરૂધ્ધ બેદરકારીનો ગુનો નોધી** આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ભૃણ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૧/૧૬</u>**

**સરદારનગરઃ** તા.૪/૮/૧૬ સાંજના ૬/૧૦ વાગ્યાના સુમારે સરદારનગર રમેશદત્ત કોલોની નજીક ગટરમાંથી છ માસનો ભ્રુણ મળી આવતા કોલોનીના રહીશે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવતા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ જી ખરાડી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૨/૧૬</u>**

**નરોડાઃ** જયદેવીબહેન બળદેવસિહ રાજપુત (ઉ.વ.૭૦)(રહે.સુમતીનાથ પ્રભુ સોસાયટી નરોડા) એ બિમારીથી કંટાળી તા.૪/૮/૧૬ સવારના ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઈ અમૃતભાઇ ચલાવે છે.

**<u>લાશ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૩/૧૬</u>**

**રિવરફ્રન્ટ ઈસ્ટઃ** તા.૪/૮/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે શંકરભુવન પાસે ગાંધીબ્રીજ નીચે રિવરફ્રંટ વોક વે ઉપરથી હેતલકુમાર દિલીપભાઈ ઓઝા (ઉ.વ.૪૨)(રહે.શુકન એપાર્ટમેન્ટ ચાણક્યપુરી ઘાટલોડીયા) ની લાશ મળી આવી હતી. આ અંગે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળવંતભાઈ શંકરભાઇ ચલાવે છે.

**<u>લુંટના કેસમાં સામેલ ઈસમોના સ્કેચ બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૩૪/૧૬</u>**

| **શાહપુર પોલીસ સ્ટેશન** | **<u>ફોટા</u>** |
|---|---|
| તા.૨૯/૭/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યાના સુમારે સિતારામ ફાયનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ નામની દુકાન ખાતેથી બે અજાણ્યા ઈસમો રૂપિયા ૪,૫૧,૫૦૦/- લુંટ કરી પલાયન થઈ ગયા હતા. જે ઈસમોના સ્કેચ બાજુમાં દર્શાવ્યા મુજબના હતા. કોઈપણ વ્યક્તિને આવી વ્યક્તિ નજરે પડે તો તેનાથી સાવધાન રહેવા તથા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)